# 14 વાત એક શાપની

- મહેશ યાજ્ઞિક

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખો :**

1. આ નવલિકામાં કયાં બે સ્થળો વચ્ચેની ઘટના આલેખાઈ છે?

2. આ નવલિકામાં પ્રત્યક્ષ આવતાં પાત્રો કયાં-કયાં છે?

3. રમણિકલાલ કઈ ઘટનાનો અપરાધભાવ અનુભવે છે?

4. કયા તોરમાં રમણિકલાલે ગુનો કરેલો એમ તે માને છે?

5. રમણિકલાલે રકમ આપીને ભિખારણને શું કહ્યું?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. વાર્તામાં નિરુપાયેલું કાળુપુર સ્ટેશનનું-ટ્રેનનું દૃશ્ય વર્ણવો.

2. 'દીકરીએય તારો દીવો નહીં રહે સાહેબ'-આ વાક્ય સમજાવો.

3. રમણિકલાલના પરિવારની આજે શી સ્થિતિ છે?

4. લખીએ રમણિકલાલને શાં વેણ કહ્યાં હતાં?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. રમણિકલાલનું પાત્રાલેખન કરો.

2. 'કર્મનો હિસાબ દરેકે ચૂકવવો જ પડે છે'.-આ વિધાન વિશે તમારો અભિપ્રાય લખો.

**નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. આ કૃતિનો સાહિત્યપ્રકાર અને તેના લેખકનું નામ લખો.
2. આ કૃતિનો સાર એક વાક્યમાં લખો.

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. એમને અત્યારે જગાડવામાં જરૂરી નથી.
2. એ વખતે વઘઈથી મારું પોસ્ટિંગ થયેલું.
3. ગાંધીગ્રામને બીજાં પેસેન્જરો આવશે?
4. અઠ્યાવીસ વરસમાં મારી દીકરી દાઝી ગઈ છે.
5. એમણે અત્યારે જગાડવાની જરૂર નથી.

**નીચેનાં વાક્યોને માગ્યા પ્રમાણે પરિવર્તન કરીને લખોઃ**

1. હિંમત હારી ગયો છું દીકરા! (નિષેધવાક્ય બનાવો.)
2. એનાથી ધીમા અવાજે બોલાતું હતું. (કર્તરિવાક્ય બનાવો.)
3. રમણિકભાઈ ઊંઘી ગયા છે. (કર્મણિવાક્ય બનાવો.)
4. તે કરગરી રહી હતી. (ભાવેવાક્ય બનાવો.)
5. મારું મન કહે છે કે તમારી દીકરીને કંઈ નહીં થાય. (વાક્યમાં વિરામચિહ્નો મૂકી ફરી લખી સંયોજકને રેખાંકિત કરો.)

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષા દૃષ્ટિએ સુધારીને ફરીથી લખોઃ**

1. હજુ ટ્રેઈન ઉપડવા ને પાંચેક મીનીટની વાર છે.
2. હેમંતે ખિસ્સા પર મોબાઈલ મૂક્યો.
3. પરસ્પર ઓળખવિધિ પતિ ગઈ.
4. વડીલ ચિંતા ના કરો.

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શોધીને લખો:**

1. **ઈશ્વર** - ધારણા - કરુણા ______ ______ ______
2. **દયા** - રબ - નાદ ______ ______ ______
3. **અવાજ** - રવ - તરંગ ______ ______ ______
4. **કલ્પના** - કૃપા - પરવરદિગાર ______ ______ ______

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવો.**

1. સારું - ______ સારુ - ______
2. ગાંડી - ______ ગાડી - ______
3. પહેલા - ______ પહેલાં - ______

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરુદ્ધાર્થી શબ્દ લખી અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરીથી લખો:**

1. રમણિકભાઈ ઊંઘી ગયા છે.

______

2. આ છોકરું સવારનું ભૂખ્યું છે.

______

3. તેણે ઉત્તર આપ્યો.

______

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ શોધીને લખો:**

1. કોઈના હૃદયમાંથી નીકળતાં કટુ વચન - ______
2. સોળથી પચીસ વર્ષ સુધીનો સમય - ______
3. જંગલનું રક્ષણ કરનાર અફસર - ______

**નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખો:**

1. પોયરાંઓ- ______ ઈણે - ______
2. વાંહે - ______ નો ખમાણું - ______

**નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો:**

1. ફાટી પડવું - ______

______

2. રફુચક્કર થઈ જવું - ______

______

**નીચેના ગદ્યખંડને કૃતિને આધારે વિચારવિકાસના ક્રમમાં ગોઠવી ફરીથી લખો:**

સમાચાર સારા નથી. હિંમત હારી ગયો છું દીકરા...! સાહેબ, આ છોકરું સવારનું ભૂખ્યું છે. ઈશ્વર જાણે એ બાપડી કેટલું દાઝી હશે...! હજુ ટ્રેન ઉપડવાને પાંચેક મિનિટની વાર છે.

______

______

______

______

•